સાલ : ૧૬ / સિલસિલાવાર નંબર : ૧૪૯ / શુમારો : ૫ ફુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

مشكوة الهادي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. રમઝાનુલ મોઅઝ્ઝમ - શવ્વાલુલ મુકર્રમ ૧૪૪૦ / મે - જૂન ૨૦૧૯

# બિઅરે શિહાબી

**બિઅરની માઅના અને રસૂલુલ્લાહ બાવાજીના કલામઃ**

બિઅર એક અરબી લફઝ છે કે જેની માઅના કૂવાની થાય છે. "બિઅર" નો લફઝ કુરઆને કરીમમાં મૌજૂદ છે. મક્કતુલ મુકર્રમહમાં કાઅબતુલ્લાહના હરમે આમિનમાં "બિઅરે ઝમઝમ" ની ઝિક્ર મૌ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહ, મૌ. ઈસ્માઈલ ઝબીહુલ્લાહ અને મૌ. હાજરહ (અ.સ.) સાથે વાબિસ્તા છે, જોડાયેલી છે. તે ઝમાનાથી આજ તક, યાઅની સાડા ત્રણ હઝાર સાલ ગુઝરી ચુકેલા છે, પણ તે બરકતી ઈસ્માઈલી કૂવાનું પાની હજ્જ પઢનાર અને ઉમરહ કરનાર લોગો વાસ્તે **શિફા અને આફીયત વાસ્તે એક આઅલા સરચશ્મો છે.** મદીનતુલ મુનવ્વરહ, કૂફા, નજફ, મિસિર, યમન, અહમદાબાદ અને વડોદરા, જે જે જગાઓ પર અહલે ઈમાન અને જમાઅતે હક્કના ઈમાની બગીચાઓ હરેલા-ભરેલા રહ્યા છે તે જગાઓ પર બેશુમાર કૂવાઓની વાબિસ્તગી અહલુલબૈત, અઈમ્મતે તાહેરીન, દોઆતે અમજદીન, મવાલીએ તાહેરીન (રિ.અ.) ની ઝિક્ર સાથે રહી છે. આજે પણ આ કૂવાઓનું મીઠું પાની મુમેનીનની હર તરહની શિફા વાસ્તે એક ઈલાજે કારગર અને દવાએ પુરઅસર જેમ કામ કરે છે.

રસૂલુલ્લાહ બાવાજી ફરમાવે છે કે, ખુદાતઆલાએ ત્રણ ચીઝોના અમલ વાસ્તેની જઝા અને તેના સવાબને પોશીદા રાખો છે. ૧) લોગો વાસ્તે **રાહ** બનાવી આપવી યાઅની રસ્તા ઊભા કરવા. ૨) પાનીની કિલ્લત દૂર થાય અને મુસાફિરોની શિદ્દત કમ થાય તે વાસ્તે રસ્તાઓને કરીબ **કૂવા** ખોદાવવા. ૩) ઝમીનને ઝરખૈઝ બનાવવા અને ઘરોને આબાદ કરવા, **દરખ્ત** વાવવા અને ખેતી કરવી. આપના આ કલામે હકીકીથી સાબિત થાય છે કે, જો કોઈ શખ્સ સહી રસ્તાને બરાબર ઈસ્તેમાલ કરી, સહી પાનીને સહી વક્ત પર અને સહી મિકદારમાં પીએ અને દરખ્ત સાથે બરાબર તઅલ્લુક રાખે, તો ઝરૂર તેની ઝિંદગી સરસબ્ઝ અને શાદો આબાદ થઈ શકે છે.

નબી સાહેબે આપના બીજા એક કલામમાં ફરમાવું છે કે, તમેં ત્રણ ચીઝોને ખૂબ જ સોચી વિચારીને, તોલી માપીને અને ગૌરો ફિકર કરીને અપનાવજો. **૧) ઝમીન ૨) બૈરો અને ૩) દોસ્ત.** આ ત્રણ ચીઝ જે શખ્સને બરાબર મિલી ગઈ એને દુનિયાની તમામ ભલાઈ અને સઆદત મિલી ગઈ. બહેતર ઝમીનથી તેની રોઝી ચાલશે, બહેતર બૈરોથી તેનું ઘર ચાલશે અને બહેતર દોસ્તથી તેના સમાજી રિશ્તાઓ બરકરાર રહેશે. આમાં જો કોઈ તરહની બદતરી થઈ તો ઝિંદગી કડવી બની જાશે.

**અલગ-અલગ જગાઓ પર કૂવાઃ**

૨૧ માં ઈમામે ફાતેમી મૌલાના અબુલ કાસિમ અત્તૈયેબ (અ.સ.) ના મિસિરથી ૫૨૮ હિ. માં સતર થયા બાદ, યમનમાં જે જે જગાઓ પર દોઆતે હક્કની રિહાઈશ હતી, તે જગા પર કૂવો ઝરૂરથી હતો. હુજ્જતે ઈમામી મૌ. હુર્રતુલ મલેકહની ઝી-જિબ્લાની મસ્જિદ, હુતૈબમાં સૈ. હાતિમ સાહેબનો મકામ, શિબામમાં સૈ. ઈદરીસ ઈમાદુદ્દીન સાહેબનો મઝાર, તૈબામાં સૈ. યુસૂફ નજમુદ્દીન સાહેબની જગા, અહમદાબાદમાં સૈ. અલી શહીદે આઅઝમની મસ્જિદ (બકીયાહ પેજ નં. ૨ ૫૨)

**મુમિનની નિશાની એ છે કે, તે કોઈ વક્ત સચ્ચાઈનો સાથ ના છોડે.**

(પેજ નં. ૧ નું બાકી)

અને મઝારના નઝદીક શૈખા-મુંજાલનું ટાંકું, બદરૂદ્દીન હસન બિન સૈ. વલી સાહેબના કબ્રસ્તાનમાં જૂના મુસાફિર ખાનાની જગા, વડોદરામાં બદરી મોહલ્લામાં સૈ. ઝિયાઉદ્દીન જીવાભાઈ સાહેબની જૂની મસ્જિદનું ટાંકું અને આપની દેવડી મુબારકની જગા, સૈ. મોઅય્યુદ્દીન સાહેબના પ્રતાપનગરના કબ્રસ્તાનની જગા, ફખરી મોહલ્લામાં સૈયેદી મુસનજી સાહેબની મસ્જિદની જગા, આ તમામ જગાઓમાં કૂવા હતા. **ચંદ જગાઓ પર ટાંકા સાથે કૂવા હતા, જેમાં મહેરાબો હતી.** પાનીના આ સરચશ્માથી મુમેનીનને ખૂબ રાહત હતી. વુઝૂનું પાની, પીવાનું પાની અને રોઝમર્રાના કામકાજ વાસ્તે કૂવામાંથી પાનીનો ઈસ્તેમાલ કરતા હતા. ચંદ જગાઓ પર કૂવા આબાદ છે, ને ચંદ જગે ઝમાનો ગુઝરતા તેને મિટાવી દેવામાં આવા છે.

**મહેલ અને કૂવોઃ**

૧૯ માં દાઈએ હક્ક અલ-ફાતેમી અલ-યમાની સૈ. ઈદરીસ ઈમામુદ્દીન સાહેબ આપની કિતાબ ઝહરૂલ મઆનીમાં ફરમાવે છે કે, અલ્લાહતઆલા "**કસરે આલી**" અને "**કસરે મુશય્યદ**" ની ઝિક્ર કરે છે, તો તે અહલુલબૈત (અ.સ.) ની બુઝુર્ગી છે અને "બિઅર" ની ઝિક્ર કરે છે તો તે એમનું ઈલ્મ છે. જેમ કૂવાનું પાની પૌશીદા હોય છે તેમ અહલુલબૈત (અ.સ.) નું ઈલ્મ પૌશીદા છે. કૂવાના ઝરણ જેમ તે ઈલ્મ ધીમે ધીમે ફૂટે છે અને નસીબદારને ખૂબ મહેનતો મશક્કતથી હાસિલ થાય છે. મૌલાના અલી સાહેબે ઝુલફિકાર (અ.સ.) ફરમાવે છે કે, કસરે મુશય્યદ યાઅની આલીશાન મહેલનો આબોતાબ ઝાહિર છે, રૌઝે રૌશન છે અને તે છે રસૂલુલ્લાહ બાવાજીની રિસાલત. **પણ બિઅર યાઅની કૂવાની શાન પૌશીદા છે, તે હાથ લાગવો મુશ્કિલ છે અને તે છે મારી વલાયતો મોહબ્બત.** કસરે મુશય્યદની બલંદી આસ્માન તરફ જાય છે અને બિઅર-કૂવાની બલંદી ઝમીનની તેહ તરફ જાય છે. આ ઐન સબબ હતો કે, કોઈ પણ દાઈની રિહાઈશ કે જેને કસરે મુશય્યદ કહેવાય, તેના સાથે બિઅરને મિસિલ ઈલ્મનું પાની હોવું જ જોઈએ. યાઅની મોહંમદી રિસાલતના સાથે અલવી વલાયત હોવી જ જોઈએ.

**બદરી મોહલ્લાનો કૂવો અને કબ્રસ્તાનની ઝમીનઃ**

૩૨ માં દાઈએ મુત્લક સૈ. ઝિયાઉદ્દીન જીવાભાઈ બિન સૈ. નૂહજી સાહેબે અહમદાબાદથી જે વક્ત હિજરત કીધી અને ૧૧૧૦ હિ. માં વડોદરા આવીને વસા તે વક્ત આપે બદરી મોહલ્લાના દરમિયાન આપની દેવડી મુબારક બનાવી. તેના બાજૂમાં આપે કૂવો ખોડાવો. તે જ મુજબ આપે મસ્જિદ જે વક્ત તાઅમીર ફરમાવી તો તેના નીચે મહેરાબવાલું ટાંકું બનાવું અને તેના સામે કૂવો ખોડાવો જ્યાં આજે મૌલવી ચોકના કિનારે કૂવાવાલાનું મકાન છે. આ કૂવો આજે પણ હયાત છે અને તેમાં મીઠા પાનીનું ઝરણ જારી છે. દેવડી મુબારકના નીચે કૂવાની સતેહને પૂરી દેવામાં આવી છે. અન-કરીબ તેને તેની અસલી હાલતમાં લાવવાની કોશિશ અને કામગીરી શુરૂ થાશે. હાલમાં પણ બદરી મોહલ્લામાં ઘણા કૂવા હયાત છે.

આપ મૌલાના ઈન્તેકાલ બાદ આપના ફરઝંદે અરજુમંદ સૈયેદના મોઅય્યદુદ્દીન સાહેબ મસ્નદે તૈયેબી પર ૩૩ માં દાઈએ મુત્લક તરીકે ૧૧૩૧ હિ. માં જલ્વાનુમા થયા. આપની ઝિંદગી અને દાઅવતનું અહમમાં અહમ કારનામું અને શાહકાર એ હતો કે, આપે તે ઝમાનાના હુકમરાન પાસેથી પ્રતાપનગર ઈલાકામાં મુમેનીનને દફન કરવા અને આબાદ કરવા એક મોટી ઝમીન ખરીદી કે, જેના દસ્તાવૈઝ દાઅવતના ખઝાનએ આમેરહમાં મૌજૂદ છે. ૩૦૦ સાલ પહેલાનો યાઅની ૧૧૪૦ હિ./૧૭૨૮ ઈ. નો આ તે ઝમાનો છે કે, વડોદરા અને તેના ઈર્દગિર્દનો ઈલાકો બાબી

(બકીયાહ પેજ નં. ૩ પર)

**મુમિનની નિશાની એ છે કે, તે જેટલું જાણતો હોય તેટલું જ બોલે.**

(પેજ નં. ૨ નું બાકી)

સુલતાનોના હાથ માંથી નિકલીને મરાઠા ગાયકવાડી રાજાના હાથમાં આવી ગયો. આ સાથે જેટલી મુસ્લિમ કૌમો હતી, તેના રઈસોને પ્રતાપનગર ઈલાકામાં તેમના લોગોને દફનાવવા વાસ્તે અલગ-અલગ જગાઓ ફરાહમ કરવામાં આવી.

**બોસ્તાને બદરી અને મોહલ્લો:**

લાઈકે ઝિક્ર બિના એ છે કે, અહમદાબાદથી વડોદરા જે વક્ત હિજરત થઈ તો સૈ. ઝિયાઉદ્દીન સાહેબને શીઆ મુખ્લિસ મીયાં મહેમૂદે વાડીનો જે ટુકડો હદીયાના તૌર પર અતા કીધો હતો, તે એમની રંગમહેલમાં જૂની મસ્જિદથી લઈને આપ મૌલાએ તે જ મસ્જિદના હૂબહૂ નવી ઝિયાઈ મસ્જિદ બદરી મોહલ્લાના દરવાઝાના નઝદીક તાઅમીર કીધી, ત્યાં તક, અને તે જગાથી લઈને મારૂફલીયાના છેડા તક જ્યાં બુસ્તાને બદરીના એક બાઝૂ જૂની ખોલીઓમાં અપના મુમેનીન રહે છે, ત્યાં તક, બે મોહલ્લા હતા. આ જગા તકરીબત "એલ" શેપમાં હતી. તે વક્ત વાડી ટાવરનો હાલ મુજબનો રસ્તો ન હતો. ઝમાનો ગુઝરતા દરમિયાનમાં રસ્તો આવવાના સબબ અને કૌમી તૂફાનો થાવાના સબબ અપના મુમેનીન બુસ્તાને બદરીના નઝદીકથી મકાનો વહેંચીને બીજે જગે મુન્તકલ થઈ ગયા. આ ચીઝને ૫૦-૬૦ સાલનો અરસો થયો છે. **હમણા પણ મારૂફલીયામાં અપના મુમેનીનના કબ્ઝામાં જે-જે ઈમારતો હતી તેના આસાર મૌજૂદ છે.** બુસ્તાને બદરીમાં એક કદીમ કૂવો હતો કે, જેના આસાર આજે મૌજૂદ નથી. આ જ તરહથી ત્યાં ખુબસૂરત બગીચો હતો અને મુમેનીન હર મૌસમમાં તરહ-તરહના ફલ જમવા તે જગા પર જાતા હતા. સૈ. ઝિયાઉદ્દીન સાહેબના ઝમાનમાં મુમેનીનને આ જ જગા પર દફન કરવામાં આવતા હતા, જેની નિશાની બુસ્તાનના પાછલ ચંદ કબરો બતાવી રહી છે. હિજરત પછી ત્રણ-ચાર દસકા તક આ ઝમીન સિવાય કોઈ એવી મોટી ઝમીન હતી નહીં. પ્રતાપનગર કબ્રસ્તાનની ઝમીનનો વુજૂદ તો પછી થયો.

**કબ્રસ્તાનની ઝમીન અને બિઅરે શિહાબી:**

દોઆતે હક્કનો એ વતીરો હતો કે, જે વક્ત કોઈ પણ ઝમીન લેતા તો પહેલા તે ઝમીનમાં કૂવાની તફતીશ કરતા હતા. કૂવામાં મીઠું પાની હોય તો તે ઝમીનને મુબારક સમઝતા હતા. આ જ બિના ૩૩ માં દાઈ સૈ. મોઅય્યદુદ્દીન સાહેબમાં બની. **પ્રતાપનગર પર આપ મૌલાએ જે ઝમીન ખરીદી તેમાં ૭ કૂવા હતા.** પૂરી ઝમીનમાં હરીયાલી અને ફલદાર દરખ્તો હતા. આપે તે પૂરી ઝમીન હમવાર કરાવી. આપે મુમેનીનને પોતાના મરહૂમોને બુસ્તાને બદરી સિવાય આ કબ્રસ્તાનમાં દફન કરવાનું ફરમાન કીધું. બદરી મોહલ્લાથી કબ્રસ્તાન આવવા મુમેનીન નિકલતા તો દરમિયાનમાં ત્રણ મોટા તલાવો આવતા હતા. મુમેનીન કબ્રસ્તાનના અલગ-અલગ છેડે દફન થાતા રહ્યા. ૭ કૂવા માંથી ૬ કૂવાની નિશાની મિટી ચુકી છે. કબ્રસ્તાનમાં દાખિલ થાતા થોડા ફાસલા પર છાપરાની ગોલ બેઠકના પાછલ રસ્તા પર એક આખિરી કૂવો બાકી છે.

આ "**બિઅરે શિહાબી**" માંથી ૪૩ માં દાઈ સૈ. યુસૂફ નુરૂદ્દીન સાહેબની દાઅવતના ઈબ્તેદાઈ દૌર તક પાનીનો ઈસ્તેમાલ થાતો હતો. તેના નઝદીક ૩૪ માં દાઈ સૈ. શેહાબુદ્દીન સાહેબના વક્તની તકતીઅ હતી, જે વક્ત જાતા ઝમીનમાં પોશીદા થઈ ગઈ છે. કૂવો ખુલ્લો હોવાના સબબ લોગોની લાઈલ્મીથી છારૂં, ફૂલોની ચાદર, કિતાબો અને બીજી ચીજોને તેમાં નાખવામાં આવી અને નતીજતન કૂવો કચરાપેટીની જગા બની ગયો. થોડા અરસા પહેલા મ. મોહસિનઅલી ધર્મજવાલાએ આ બાબરકત કૂવાને સાફ કરાવો હતો મગર દેખરેખની કમીના સબબ તેની હાલત પહેલા જેવી થઈ ગઈ. હાલમાં મ. સફીયુદ્દીનભાઈ ધોલકાવાલાની ફેમિલી તરફથી આ "**બિઅરે શિહાબી**" ને સાફ

(બકીયાહ પેજ નં. ૧૧ પર)

**મુમિનની નિશાની એ છે કે, બીજા વાસ્તે કોઈ કલામ કહેતા પહેલા ખુદાના અઝાબનો ડર રાખે.**

# ઈબરતનાક અહાદીસે બની ઈસરાઈલ
## કિસ્ત - ૪૦

**જહન્નમનો ખૌફ ઘણો ભારી અને વહેશતનાક હોય છે**

જહન્નમ, તેની આગ, તેનો અઝાબ, તેની વાડીઓ, તેના જાનવરો, તેની ઝંજીરો, તેની સાંકલો, તેના ખાડાઓ, તેમાં ઉકલતું લોખંડ અને પીપ, તેના કાંટાવાલા અને બદબૂદાર દરખ્ત, ડરાવની સૂરતો અને શિક્લો, આ મુજબના તસવ્વુરાત જે વક્ત ઝહેનમાં પૈદા થાય છે, તો દિલ દહેલી ઉઠે છે. વહેશત, દહેશત અને ખૌફનો કોઈ પાર રહેતો નથી. અજીબ બેચૈની અને બેકલીનો આલમ પૈદા થાય છે. કુરઆને કરીમ તેની મુખ્તલિફ આયતોમાં કાફિરો, મુજરિમો, મુનાફિકો, મુશ્રિકો, મુલહિદો વગૈરહ કે જેઓ ફરમાને ખુદાવંદીને ખિલાફ અમલ કરે છે, તેઓ વાસ્તે જહન્નમના અઝાબને અને તેના ખૌફનાક ઠેકાણાનું બયાન ફરમાવે છે. ઈન્સાનને ફરક મહેસૂસ થાય કે, સવાબની ખુશી કેવી હોય છે અને અઝાબની બલા કેવી હોય છે.

પાઁચમાં નબીએ નાતિક મૌ. ઈસા રૂહુલ્લાહ (અ.સ.) આપની દૌરે નુબૂવતમાં ખૂબ સિયાહત કરતા, લંબો સફર ઈખ્તિયાર કરતા, જુદા-જુદા ઈલાકાઓમાં જઈને પૈગામે દાઅવત પહોંચાવતા. આ જ તરહના એક સફર દૌરાન આપે એક જવાનને જોયો. તે ઘણો જ હયરતઅંગૈઝ હાલતમાં ઉભેલો હતો. આપ તેના નઝદીક ગયા અને જોયું કે, **તે જવાન એક મોટા નોંકદાર પત્થર પર ઉભેલો હતો.** તેના ચારે તરફ સુકાયેલું અને લીલું ખૂન હતું. જવાનની આ તરહની દર્દનાક હાલત જોઈને આપથી રહેવાયું નહીં. આપે તેના બેવે હાથ પકડીને નીચે બેસાડો. કહ્યું કે, અય પ્યારા જવાન! તું જાણે છે હું કૌન છું? જવાબ આપો કે, આપ અલ્લાહના કોઈ પ્યારા વલી માઅલૂમ પડો છો! આપના ચહેરાથી ખૌફે ખુદાના આસાર ઝલકી રહ્યા છે. મૌ. ઈસાએ ફરમાવું કે, તારી સહી માઅરેફતથી હું ખુદાનો શુક્ર અદા કરૂં છું. તારી આ મુજબ હાલત શું કામ છે? આ મુજબ તું તારી ઝાતને હલાકતમાં શું કામ નાંખે છે?

જવાને અરઝ કરી કે, અય રૂહુલ્લાહ! હું હર વક્ત ખૈર અમલ તો નથી કરી શકતો. લેહાઝા, મારાથી બુરા અમલ થાય છે. આ સોચીને મારા દિલમાં જહન્નમનો ખૌફ પૈદા થયો. મેં મારા ઘરની બાહર નિકલો અને આ ખૌફ મને યહાઁ પથરીલી ઝમીન પર લઈ આવો. જહન્નમના અઝાબથી કાંપીને હું નોંકદાર પત્થર પર ઉભેલો છું કે, **મને યાદ રહે કે જહન્નમનો અઝાબ કેટલો શદીદ હશે.** આમ કરવાથી મારા પગની ચામડી ફાટી ગઈ અને તેમાંથી ખૂન બહેવા લાગું. મને આનો કોઈ રંજ નથી, પણ મને રંજ છે તો મારા બુરા અમલનો છે.

મૌ. ઈસા નબી જવાનના આ ઈબરતઆમૌઝ કલામ સાંભલીને ખૂબ મુતઅસ્સિર થયા. એક મસનદ બિછાવી અને જવાનને તેના ઉપર બેસાડો. અસ્હાબોને હુકમ કીધો કે, આ જગાના આસપાસ જેટલા લોગો રહે છે, તેઓને એકઠા કરો અને આ જવાનના નઝદીક લાવો. આપ ઈબાદતથી ફારિગ થયા વહાઁ તક તમામ લોગો ભેગા થઈ ચુકા હતા. આપે ફરમાવું કે, "અય દુનિયાવાલાઓ! તમેં જોવ છો આ જવાનને કે, તેના દિલમાં ખૌફે ખુદાની એ ઈન્તેહા થઈ કે તેએ પોતાના પગની આ તરહ હાલત બનાવી દીધી કે, તે ઝખ્મોથી ચૂરચૂર છે. હવે તમેં સઘલા બતાવો કે, જે શખ્સ હકીકતમાં **દાખિલે જહન્નમ થાશે અને નારે જહન્નમ તેને પોતાનો લુકમો બનાવશે અને આગ તેના જિસ્મને ખાશે** તો તે ગિરફતારે અઝાબ શખ્સનો શું હાલ થાશે?"

અલ્લાહની બારગાહે ગુફરાનીમાં એ જ દોઆ છે કે, તે હમારો રબ હમારા ગુનાહોંને મુઆફ કરીને હમને દુનિયા અને આખેરતમાં નારે જહન્નમથી આઝાદ કરે. હમારા દિલમાં તકવા રાખીને ખૌફે અઝાબે જહન્નમને તાઝા રાખે, તાકે હમેં કોઈ પણ અમલે બદ કરતા પહેલા એકસો વાર વિચાર કરીએ. મુમેનીન પોતાની ઝિંદગીના હરએક અમલમાં નેકીની રાહને ઈખ્તિયાર કરે. આમીન. ☆

**મુમિનની નિશાની એ છે કે, કોઈ જો તેના સાથે તકબ્બુરીથી પૈશ આવે તો પણ તે તેના સાથે નમનતાઈ રાખે.**

# અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૪
## અલવી અકીદાઓ - અકીદો-૪

**મુકદ્દેમો-પ્રસ્તાવનાઃ**

અકીદાના મફહૂમને બીજા અલ્ફાઝમાં બયાન કરવામાં આવે તો એમ કહી શકાય કે, એક તરફ ઈલ્મો અમલનું સહી તૌર પર હોવું અને બીજી તરફ દીનના અરકાનને સહી તૌરથી અદા કરવું, જો આ બેવે ચીઝોનું ખુશ મિલન થાય અને તે અતૂટ બંધનથી બંધાય, **તો તેને અકીદો કહે છે.** અગર કોઈ પણ અકીદાને એક ઈમારતની શિક્લ આપવામાં આવે, તો જેમ ઈમારતના ઘણા પાંસા હોય છે, તેમ અકીદાના પણ હોય છે. હક્કના સાહેબ પાસેથી ઈલ્મ પઢું હોય, તે ઈલ્મ બરાબર દિલમાં ઉતારૂં હોય, તેને બરાબર સમઝું હોય, તે ઈલ્મને બુનિયાદ બનાવીને અમલ કીધો હોય, અમલને ખૈર તરીકાથી બજા લાવો હોય, સહી વક્ત પર તેને અદા કીધો હોય, આ ઈલ્મ અમલને શરીઅતના ફરઝ-સુન્નત-નાફેલતના તરાઝૂમાં તોલા હોય, રસ્મો રિવાજ સાથે જોડા હોય, જમાઅતના બુઝુર્ગોના વતીરાથી વાબિસ્તા હોય, તો તે ચીઝ એક સહી અકીદાની શિક્લ અને ઈમારત ઈખ્તિયાર કરે છે.

બાઅઝ શીઆના ફિરકાવાલા અકીદાના વાસ્તે એમ તસવ્વુર રાખે છે કે, કુરઆને કરીમની તન્ઝીલ-બાહરી માઅના તેમજ તેની તાવીલ-અંદરૂની માઅનાના સાંચામાં કોઈ પોતાના અમલને બરાબર કરે અને તે ઝાહિરી ઈબાદત યા બાતિની ઈબાદતના દાએરામાં દાખિલ હોય. આ મુજબનો અમલ તેઓ વાસ્તે એક અકીદો બની જાય છે. બીજાનું એમ કહેવું છે કે, અકીદો તેને કહેવાય કે તે તાઅલીમાતે કુરઆન અને નબી સાહેબના કૌલો અમલ મુજબ હોય. આ તરહનો અમલ શરીઅતનો એક રૂકન બની જાય છે. તન્ઝીલના સાહેબ રસૂલુલ્લહ (સ.અ.વ.વ.) તક તમામ બરાબર હતું, મગર આપના બાદ ઉમ્મતમાં જે તરહથી ફિત્નો થયો અને અહલુલબૈત (અ.સ.) ના ઈલ્મને એક જાનિબ નાંખી દેવામાં આવું, તે વકતથી આજ તક, ઈમામે આલે મોહંમદ (અ.સ.) ના મુમેનીન સિવાય કોઈ પણ ઈસ્લામવાલા સહી અકીદા પર કાઈમ રહ્યા નથી, ન રહેશે. **નબી સાહેબ તરફથી ઈમામે માઅસૂમ હોવા ઝરૂરી છે, ભલે ઝાહિર હોય કે સતરમાં હોય. ઈમામ જ કહી શકે કે, કયો અકીદો અસલી છે અને કયો ફસાદદાર છે.** જે લોગોના નઝદીક કોઈ એક સેન્ટ્રલ ફિગર, રૂહાની મરકઝ અને મુખ્તારે દીન, ઈમામે હક્કની શિકલમાં નથી, તેના અકીદા રોઝ-બ-રોઝ બદલાતા રહે છે.

અપના ઈસ્માઈલી-તૈયેબી મઝહબ, જે મઝહબે આલે હુસૈન (અ.સ.) છે, તેમાં અકીદાની એક ખાસ પહેચાન છે, ઈઝઝતો વકાર છે. અહલુલબૈત (અ.સ.) ના અકીદાઓ કોઈ આજકાલના નથી, કોઈ ઈમામ કે દાઈના ઝમાનાના નથી, મગર તેની બુનિયાદ નાંખનાર રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) છે. અકીદાઓની આ બુનિયાદ અંબિયા (અ.સ.) ની શરીઅતોની ઝમીન પર છે. અલ્લાહતઆલાના આ દીને કામિલની શુરૂઆત મૌ. આદમ નબીથી થઈ તે વકતથી જ દીને ઈસ્લામના ઐન અકીદાઓની સરે ફહેરિસ્ત પર તૌહીદે રબ્બાની અને વહેદાનીયતનો અકીદો રહેલો છે.

અપના દીને તૈયેબીનો હરએક અકીદો, ફરમાને ઈલાહી અને હુકમે નબવીના મઝબૂત રિશ્તાના સબબ એક ફિક્રે ખૈર પર ટીકેલો છે. ઝમાનો બદલાય છે પણ આ ફિક્રે ખૈર બદલાતી નથી. આ ફિક્ર એક ઉમ્દા તરઝે અમલ વુજૂદમાં લાવે છે, જેના પર ઈમામે હક્ક અને આપના મુમેનીન ચાલે છે. અપના હકીકી મઝહબમાં અકીદાની શું માઅના છે? અલવી-તૈયેબી મુમેનીનના નઝદીક જે તરહ અકીદા વાસ્તે સમઝ હોવી જોઈએ, તે આ છે કે,

- મઝહબી ઊસૂલને તાઅલીમાતે કુરઆનથી આયતોના બાહરી-અંદરૂની માઅના સાથે સમઝે.

(બકીયાહ પેજ નં. ૬ પર)

**મુમિનની નિશાની એ છે કે, હલાલ રોઝી સિવાય તે એક પણ લુકમો જમતો નથી.**

(પેજ નં. ૫ નું બાકી)

- આ સાથે રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ની હદીસે શરીફની ઝાહિરી-બાતિની માઅનાને ફાતેમી ઈમામોના બયાનથી સમઝે.
- આ બેવેને સાથે મિલાવીને, શરીઅતના હલાલ-હરામ છે, જે મઝહબે અહલુબૈત (અ.સ.) માં રાઈજશુદા છે તે મુજબ આઅમાલને લઈ ઉઠે.
- આ તરહ આઅમાલ કરે તો તે ઈબાદતમાં ગિનાય, આ ઈબાદત એવી હોય કે, ઈન્સાની જિસ્મના હર આઅઝા તેના હક્ક મુજબ અદા કરે અને ઈન્સાની અક્લ-ફહેમ-સમઝ તેને બરાબર કુબૂલ કરે.
- આ આઅમાલ, ઝમાનાના ઈમામે હક્ક જે આલે મોહંમદ (સ.અ.) માંથી હોય, તે ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની ખુશી અને રઝામંદી તેના સાથે જોડાયેલી હોય. હર અમલ કુરઆની આયત યા કલામે નબવીની રોશનીમાં હોય છે. લેહાઝા, ઈમામે હક્ક યા આપના નાઈબને જ ખબર હોય કે ઝમાનાના તકાઝા, હાલાત અને રવિશ મુજબ કયા અમલને કઈ તરહ અદા કરી શકાય. આપ એવું ફરમાન જારી કરે કે, નામૂસે ઈલાહી-શરીઅતનો ઢાંચો પણ બરકરાર રહે, હક્ક અને હદ્દને પણ ઠેસ ના પહોંચે, શહાદતના કલેમા-લા ઈલાહા ઈલ્લલ્લાહની માઅના પણ અર્યાં થાય અને મુમેનીન તે અમલથી સવાબને પણ હાસિલ કરી શકે.

અપના આ જ નુક્તાઓ અકીદાની સહી માઅનાને પૈશ કરી શકે છે. આ સિવાય તમામ વાતો બુદ્ઈ અને બેઅસર છે.

**અકીદો-૪ : આ દુનિયાને બનાવનાર બુઝુર્ગ છે, જૂના છે.**

આ દુનિયાની બનાવટ અને તેની કારીગરી કરનાર અલ્લાહતઆલા કદીમતરમાં કદીમતર છે, જૂના છે. તે હૈસીયત, સમઝ અને માઅનાથી જૂના છે કે, તેને વુજૂદની કોઈ જ શુરૂઆત નથી, કોઈ ઈબ્તેદા નથી અને તેના વાસ્તે **"નથી"** નો કોઈ લફઝ લાગૂ પડતો નથી. કેમકે, અલ્લાહતઆલા સિવાય તમામ ચીઝો પહેલા ન હતી અને પછી વુજૂદમાં લાવવામાં આવી. જે ચીઝ હતી જ નહીં તેને વુજૂદમાં લાવનાર, પૈદા કરનાર અલ્લાહતઆલા છે, તેથી બીજી બધી જ મૌજૂદાત નવી છે, બનાવવામાં આવેલી છે. આ જહાનનો કારસાઝ, પાલનહાર અને ખાલિક કદીમ છે, જેના વુજૂદનો કોઈ છેડો નથી. બીજી ચીજ એ કે, જેટલી પૈદાશુદા મૌજૂદાત છે તે નવી હોવાથી ઈન્સાની અક્લ, ઝબાન અને અલ્ફાઝ તેની સિફતો સના કરે છે. તાઅરીફ કરનારી ચીઝો પણ પૈદા થયેલી છે. મગર અલ્લાહતઆલા વાસ્તે શુરૂઆતનું કોઈ નુક્તું ન હોય, અક્લો ફહેમની હુશિયારીથી, ઉમ્દામાં ઉમ્દા અલ્ફાઝથી, યા કોઈ પણ નુસ્ખાથી **કોઈ તેના હમ્દના હક્કને અદા કરી શક્તું નથી યા હમ્દની હદ્દ તક પહોંચી શકતું નથી.** બનાવનાર વાસ્તે **"કંઈ જ ન હોવું"** યા **"કઈ ચીઝ કોઈ જગા પર હોવી"** યા **"કઈ ચીઝ કયા વક્ત પર હોવી"**, આ તરહના ખયાલ યા સવાલ અલ્લાહતઆલાની ઝાતે આલી વાસ્તે ઊભા થઈ શક્તા નથી.☆

*માહે રમઝાઁ લે કે બરકત આ ગયા, મૌસમે બારાને રહેમત આ ગયા,*
*ઝીસ્ત હોગી રહેમતોં સે રૂ શનાસ, અબ ન હોગા ગમ સે કોઇ બદ હવાસ,*
*ગમ ન હોંગે અબ કીસી કે આસપાસ, લે કે પૈગામે મસર્રત આ ગયા,*
*માહે રમઝાઁ લે કે બરકત આ ગયા, ઢાલ હૈ રોઝા ગુનાહોં કે લીયે,*
*મુત્તકી ફિર ક્યોં ન વો ઇન્સાઁ બને, રોઝા જો અલ્લાહ કી ખાતિર રખે,*
*લે કે મૌલા કી ઇનાયત આ ગયા, માહે રમઝાઁ લે કે બરકત આ ગયા.* ☆

**મુમિનની નિશાની એ છે કે, હર અમલને તે શરીઅતના હલાલો હરામના તરાઝૂમાં મુકે છે, પછી અમલ કરે છે.**

## દરસે લિસાનુદ્દાઅવત

# آنکھو

انسان نا چھره پر آنکھو تھنے تھنا اندروني جذبات نے باھري دنيا نا معاملات ساتھے جوڑے چھے۔ ته جوئي چھے ته موجب ته سوچے چھے انے جه طرح ته سوچے چھے، ته موجب ته عمل کرے چھے۔ کوئي وقت انسان تھني آنکھو سي مختلف چيزو نے پرکھے چھے تو کوئي وار ته تھنا دل انے دماغ پر دارومدار راکھے چھے۔ آنکھو تو بدھا پاسے چھے انے بدھا تھنا سي جوئي چھے، پن سوں جه موجب جووانو حق چھے ته موجب ته جوئي چھے؟

چوتھا امام فاطمي مولانا محمد الباقر ؑ آپنا ايک بيان ما فرماوے چھے که، الله تعالى يه مؤمن مخلص نے چار آنکھو آپي چھے۔ آ چار ما سي بے آنکھو اموي چھے که، مؤمن تھنا دين و دنيا نا امور نے جوئي چھے۔ تھنو احساس کرے چھے انے خود نے تھنا تقاضا پورا کرواما مشغول کرے چھے۔ پن تھني بيجي بے آنکھو اموي چھے که، ته تھنا سي عقبى انے آخرة ما نظر کرے چھے۔ آ نظر تھني يقين ني نظر ھوئي چھے۔ تھنے دنيا نا احساسات سي کوئي تعلق ھوتو نتھي۔

الله تعالى کوئي بنده نو بھلو چاھے چھے تو تھني باطني آنکھو نے کھولي دے چھے۔ آ آنکھو ني بنياد دل چھے۔ دل جه موجب پوشيده چھے، ته موجب آنکھو پوشيده چھے۔ غيبي امور انے مخفي چيزو نے جووا واسطے آ آنکھو ني ضرورة پڑے چھے۔ اے ھمارا شيعه، تميں الله نو شکر کرو که، ته يه تمھارا دلو ني آنکھو نے کھولي ديدي چھے۔ سانبھلو! ساچو اندھاپو ته دلو نو اندھاپو چھے جه وقت که تھني آنکھو الله ني آيتو نے نه کوئي سکتي ھوئي۔ جيم سورج، چاند، شمع يا ديوا ني روشني بغير ظاھري آنکھو جوئي سکتي نتھي، تيم دل ني آنکھو نبي، وصي انے امام ني معرفت بغير آخرة ني نشانيو نے جوئي سکتي نتھي۔ نبي ته سورج چھے، وصي ته چاند چھے انے امام ته شمع-تارا چھے۔ ته ج شخص ني عقل تيز انے پخته ھوئي که جھنا دل ني آنکھو سھي، سلامت انے باروشن ھوئي۔

### આઁખો

ઈન્સાનના ચહેરા પર આઁખો, તેને તેના અંદરૂની જઝબાતને બાહરી દુનિયાના મુઆમેલાત સાથે જોડે છે. તે જોઈ છે તે મુજબ તે સોચે છે અને જે તરહ તે સોચે છે તે મુજબ તે અમલ કરે છે. હર શખ્સની આદત અને તરીકો આ જ મુજબ હોય છે. કોઈ વક્ત ઈન્સાન તેની આઁખોથી મુખ્તલિફ ચીઝોને પરખે છે તો કોઈ વાર તે તેના દિલ અને દિમાગ પર દારોમદાર રાખે છે. આઁખો તો બધા પાસે હોય છે અને બધા તેનાથી જોઈ છે, પણ શું જે મુજબ જોવાનો હક્ક છે તે મુજબ તે જોઈ છે ?

(બકીયાહ પેજ નં. ૧૬ પર)

**મુમિનની નિશાની એ છે કે, તે પોતાના ભાઈ સાથે હર હાલતમાં મોહબ્બત રાખે છે.**

# કિસ્સએ બિઅરે શિહાબી

## સૈ. શિહાબુદ્દીન સાહેબનો બાબરકત કૂવો

૫૧ સાલ તક દાઅવતે હુસૈનીયહ તૈયેબીયહની ખિદમત બજા લાવનાર ૪૧ માં સિરાજુમ્મુનીર સૈયેદના ફખરૂદ્દીન જીવાભાઈ બિન સૈયેદના અમીરૂદ્દીન સાહેબ (આ.કુ.) ના વક્તમાં એક ઈબરતઆમૌઝ અને પુરનસીહત વાકેઓ બિઅરે શિહાબીને મુતઅલ્લિક ગુઝરો છે. તે વક્ત ૧૩૩૮ હિ./૧૯૨૦ ઈ. ને કરીબ બ્રિટિશના રાજમાં પ્રતાપનગર પર અપનું કબ્રસ્તાન તેની અસલી હાલતમાં હતું અને શિહાબી કૂવાની રૌનક તેના ઔજ પર હતી. કિશન નામનો શખ્સ કબ્રસ્તાનની રખેવાલી કરતો હતો અને રોઝ રાતે બદરી મોહલ્લામાં ખિચડી ઉઘરાવવા આવતો હતો. તેની આદત એવી હતી કે, પહેલા સૈ. ફખરૂદ્દીન સાહેબના દીદાર કરવા દેવડી મુબારક પર આવે અને જે કઈ દેવડી પરથી અતા થાય તે લઈને પછી બીજા મુમેનીનના દર પર જાતો.

એક દિન તેએ મૌલાને કહ્યું કે, "કબ્રસ્તાનના કૂવા વાસ્તે એક વાત આપને કરવી છે. હું અને મારા ઘરવાલા અડધી રાતે ઉઠીને જે વક્ત કબ્રસ્તાનનો ચક્કર લગાવીએ છીએ તો ઘણી વાર હમેં જોઈએ છીએ કે, ત્રણ નૂરાની ઘોડેસવાર પૂરા કબ્રસ્તાનમાં ફિરે છે, રખેવાલી કરે છે અને પાછા મઝારમાં જઈને ગાઈબ થઈ જાય છે. પણ થોડા વક્તથી હું જોઉં છું કે, **ત્રણે નૂરાની ઘોડેસવાર બિઅરે શિહાબીથી પાછા ફિરી જાય છે** અને તે જગાથી આગલ વધતા નથી. મને તઅજ્જુબ થાય છે કે, આ પહેલા કોઈ વાર આવું બનું નથી."

મુજાવિર કિશનના આ તઅજ્જુનખૈઝ કલામ સાંભલીને આપ મૌલા હાલતે પરૈશાનીમાં આવી ગયા. આપે તહજ્જુદની નમાઝ સાથે દોઆ અને વસીલાની નમાઝ શરૂ કરી દીધી. ચંદ અય્યામમાં જ આપની દોઆનો અસર એ થયો કે, આપને ખ્વાબમાં સૈ. શિહાબુદ્દીન સાહેબ પધારા. મૌલાએ કબ્રસ્તાનનો પૂરો માજરો બયાન કીધો અને અરઝ ગુઝારી કે, એવી તો શું બિના છે, સબબ છે કે, કૂવાના નઝદીકથી આપની સવારી પાછી ફિરી જાય છે! આપ કઈ ચીઝથી નારાઝ છો? આપની આ દિલી અરઝ પર સૈ. શિહાબુદ્દીન સાહેબે ફરમાવું કે, "અય મારા દાઈ! તમને અને મુમેનીનને આ દાઈના સલામ! જે કૂવાની તમેં ઝિક્ર કરો છો, તે જગા મગફૂર મુમેનીનની મજલિસગાહ છે. હમારા જિવાર-પડોશપણ સાથે ઝમાનાના મુમેનીનની અરવાહ-સૂરતો જમા થાય છે. તે કૂવાના નઝદીક એક દરખ્ત છે કે, જેના પર એવા લોગોની સૂરતો છે જેની મગફેરત થઈ નથી. આ લોગોને ઈઝા પહોંચી રહી છે. મગફેરત વાસ્તે આ લોગો હમને પુકારી-પુકારીને મદદ માંગે છે. તો અય મારા દાઈ! આ લોગોની મગફેરતનો સામાન તમને તૈયાર કરવાનો છે. **ફલૉં-ફલૉં કબર પર જઈને હર જુમ્આના દિન ઝોહર બાદ તમને કાલા બકરાની ઝબીહત કરવાની છે.** આ અમલથી ખુદાતઆલા ગુનાહગારોની મગફેરત ફરમાવશે. તેઓ તે દરખ્ત પર થાતા અઝાબથી આઝાદ થાશે."

આ ખ્વાબ જે વક્ત આપ મૌલાને થયો તે વક્ત તહજ્જુદનો આખિરી વક્ત હતો. આપે બારગાહે રબ્બાનીમાં સજદો અદા કીધો. તે જ દિન આપે કિશનને કબ્રસ્તાનથી તલબ કીધો અને કીધું કે, "તુંએ જે ત્રણ ઘોડેસવારની હકીકત મને જણાવી હતી તે પરથી પડદો ઉઠી ચુકો છે અને તે વાસ્તે તુંને એ કામ કરવાનું છે કે, **હર જુમ્આના દિન હું અને મારા અસ્હાબ નમાઝ પઢીને કબ્રસ્તાન આવીશું** તે વક્ત એક કાલો બકરો ખરીદ કરીને તુંને તૈયાર રાખવાનો છે. હમેં અલગ-અલગ કબરો પર હર હફ્તે ઝબીહત કરીશું અને તે જ તારી પરૈશાનીનો ઈલાજ છે." આપ મૌલાએ તેને ખ્વાબની પૂરી બિના કીધી નહીં.

તે વક્ત એ રસમ હતી કે, સૈયેદના સાહેબ મસ્જિદે ઝિયાઈમાં જુમ્આની નમાઝ પઢાવતા તે બાદ દાઅવતના સઘલા હુદૂદ અને રઝાકારોનું જમન થાતું હતું અને સઘલા જમનથી ફારિગ થઈને ઘરે જાતા હતા. આપ મૌલા આપના

(બકીયાહ પેજ નં. ૧૩ પર)

**મુમિનની નિશાની એ છે કે, તે હર તકલીફમાં ખુદા પર બેઈન્તેહા યકીન અને તવક્કુલ રાખે છે.**

## અખ્બારે હાતિમીયહ

**મઝારે ફખરી પર આકા મૌલાની પધરામણીઃ**

રાજસ્થાનમાં વાઘર જિલ્લો-ઈલાકો આવેલો છે જેમાં ગલીયાકોટ મકામે દાઈએ બલાગ, વઝીર તારમલના દિલબંદ, શહીદે આઅઝમ સૈયેદી ફખરૂદ્દીન સાહેબ (રિ.અ.) ના મઝારે અકદસ આવેલા છે. ૧૮ માં ઈમામે ફાતેમી મૌલાના મુસ્તનસિર બિલ્લાહ (અ.સ.) ના ઝમાનથી હિંદ-સિંધ-યમનની દાઅવતે ઈલાહીયહ ઊરૂજો બલંદી પર આવી, તે ઝમાનના આપ ફલકે દાઅવતના રૌશન-તાબિંદા સિતારા છો. તે ઝમાનમાં દાઅવતે હક્કની ખિદમત, તબ્લીગો ઈશાઅત અને હક્કના દીનની રૌશની ફેલાવવા વાસ્તે ગુજરાતના ઈલાકાના આસપાસ આપ મૌલાઈની મિસિલ સેંકડો સાહેબોએ પોતાનો જાનો માલ કુરબાન કરીને શહાદતની ચાદર ઓઢેલી છે.

આપ મૌલાઈનો મઝાર મુમેનીન વાસ્તે મુશ્કિલકુશાઈ અને હાજિતરવાઈનો સરચશ્મો અને પનાહગાહ છે. આપની જાન દાઅવતની ખિદમતમાં કુરબાન થઈ તો આપની આ શહાદત દાઅવતના ખિદમતગુઝારોં વાસ્તે એક અઝીમ ઈબરત છે, સબક છે. તારીખ ૨૦-૨૧ રજબ ૧૪૪૦ હિ./૨૬-૨૭ માર્ચ ૨૦૧૯ ઈ. - મંગલ-બુધ, આ બે અય્યામ હાતિમુલ ખૈરાત, રબીઉલ બરકાત આકા મૌલા અબૂ સઈદિલ ખૈર હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) આપના **૭૫ થી ફૌક અસ્હાબ, ઝાકેરીન, કારેઈન અને અરકાને દાઅવતના હમરાહ** પૂરી તૈયેબી શાન અને ફાતેમી અઝમત સાથે આપ મૌલાઈની ઝિયારતે શરીફહ વાસ્તે પધારા. આ પહેલા ૧૪૨૮ હિ. માં જે વક્ત આકા મૌલા માઝૂને મુત્લકના દરજા પર હતા તે વક્ત સૈ. હસનફીર સાહેબ અને સૈ. ફખરૂદ્દીન શહીદ સાહેબની ઝિયારત વાસ્તે અંજુમને હિઝબુલ ઈમાન અને અંજુમને અઝાએ હુસૈનના અરાકીન સાથે પધારા હતા.

આકા મૌલા સૈયેદના સાહેબનો આ સફરે મુબારક એ સબબથી તારીખી અને યાદગાર સાબિત થયો, કેમકે પહેલી વક્ત આ મુજબ કસીર તાઅદાદમાં એક સાથે અસ્હાબે દાઅવત શરીક થયા હતા. મઝારે ફખરીના મોહતમિમ સાહેબોએ પણ હર તરહથી આકા મૌલાની અઝમત મુજબ તઆવુન-તાઈદ કરી આઅલા ઈન્તેઝામ કીધો હતો. જે ઈમારતમાં આકા મૌલાની ઈકામત હતી તેના હોલમાં જ તમામ નમાઝો, મહેફિલો, મજલિસ, વાઅઝો બયાન અને ઈત્આમુત્તઆમ આકા મૌલાની નૂરાની હાઝિરીમાં મુન્અકિદ થયું હતું.

રૌઝહ મુબારકહમાં સૈ. ફખરૂદ્દીન શહીદ સાહેબની કબરે અન્વરને નઝદીક કિબ્લારૂખ થઈને, સજદો બજા લાવીને આકા મૌલાએ ખુસૂસી દોઆ ફરમાવી હતી. સદકલ્લાહ અને ફાતેહાખ્વાની પઢવામાં આવી હતી. મુમેનીને આપ મૌલાના દસ્તે મુબારકથી ગિલાફ અને ફૂલોની ચાદર ચઢાવી હતી. આપ મૌલાએ મુમેનીન તરફથી દોઆ ગુઝારી હતી. "**તહીયાતુલ મુહૈમેને કુલ્લા યૌમિન**" ની અરબી બૈત અસ્હાબે પઢી હતી. ચાર મરતબા આપ મૌલા દોઆ વાસ્તે રૌઝહમાં પધારા હતા. આપે દાઅવતે અલવીયહની સલામતી વાસ્તે, દાઈની ખિદમતો ઈતાઅત વાસ્તે, અસ્હાબની વફાદારી વાસ્તે, જમાઅતમાં ઈત્તેહાદો ઈખ્લાસને વાસ્તે, મુમેનીનની રોઝી, સેહત, ઔલાદ, કારોબાર, બુઝુર્ગો, તાઅલીમ, મુલાઝેમત, આઅમાલ, રિશ્તેદારો, મકાન, શાદી, નિસ્બત વગૈરહમાં ખૈરો બરકત વાસ્તે દોઆઈયહ કલેમાત ફરમાવા હતા.

આકા મૌલાએ એક મજલિસમાં ફરમાવું હતું કે, "અય મારા અસ્હાબ અને માઅમૂરીન! તમેં આજે દાઅવતને કરીબ છો, ખાસ છો, અંજુમનમાં છો, મહેફિલમાં છો, દાઅવતને લગતી મુખ્તલિફ ખિદમતમાં છો, તેના સબબ તમને ઈઝઝત હાસિલ થઈ છે. **તમારૂં નામ આજે હમારી અવ્વલ ફહેરિસ્તમાં છે, તે તમારા વાસ્તે ઊંચામાં ઊંચો શરફ છે.** આ શરફ આમને આમ કોઈને મિલતો નથી. મગર તેના વાસ્તે હર લેહાઝથી કુરબાની આપવી પડે છે. અદબ અને

(બકીયાહ પેજ નં. ૧૦૫૨)

**મુમિનની નિશાની એ છે કે, તે હર જગા પર ખૈરને અપનાવવા વાસ્તે તૈયાર રહે છે.**

(પેજ નં. ૯ નું બાકી)

તહેઝીબનો મુઝાહેરો કરવો પડે છે. પરહેઝગારી, ઈન્કેસારી, ઈતાઅતગુઝારી અને જાઁનિસારીનો લિબાસ પહેરવો પડે છે. નફસો જાનને દાઈના હર હુકમ પર લબ્બૈક કહેવા પર તૈયાર કરવો પડે છે. યાઅની કે, તમારી આ ઈતાઅતગુઝારીનો સફર આસાન નથી મગર હર વક્ત તમને ઈમ્તેહાન વાસ્તે તૈયાર રહેવું પડશે. જો આમાં કામિયાબ થાશો તો દાઅવત તમારા વાસ્તે જન્નત બની જાશે અને જો એમ ન થયું તો ઝિલ્લત સિવાય બીજું કંઈ હાથ નહીં લાગે.”

**શહેરે મુંબઈની સફરે મયમૂનઃ**

રજબ મહીનાના બાબરકત અય્યામમાં મુંબઈ શહેરના મુમેનીનને લયલતુલ ઈસ્રાએ વલ મેઅરાજ (શબે મેઅરાજ) ની બરકાતથી નવાઝવા આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) એ ૨૩-૨૭ રજબ ૧૪૪૦ હિ./૨૯ માર્ચ-૨ એપ્રિલ ૨૦૧૯ ઈ. ની સફરે મયમૂન ઈખ્તિયાર કીધી. મુંબઈની જમાઅતે પુરખુલૂસ તહે દિલથી આપ મૌલાની પધરામણી અને તાઅઝીમો તકરીમ વાસ્તે ખડે પગે ખિદમત બજા લાવી. પાઁચ દિન વાસ્તે આપની ઈકામત અને ઉતરવાનો બંદોબસ્ત અગરીપાડા પર મોર્ડન એન્કલેવમાં હતો. આપની ઈકામતના દૌરાન અહમદઅલી કુરબાનહુસૈન ઢેલાવાલા એ બેલૌસ ખિદમત અંજામ આપી હતી.

આપ મૌલાએ મુખ્તલિફ મીકાત-મૌકાઓ પર મુમેનીન-મુમેનાત દરમિયાન દાઈયુલ્લાહ સાથે હર વક્ત રાબેતામાં રહીને કઈ તરહ ઝિંદગીને સઁવારી શકાય, કામિયાબ બનાવી શકાય, રાહે હક્ક પર ચાલી શકાય, જમાઅતની ખિદમત અને ખૈરખ્વાહી કેમ કરી શકાય, તે વાસ્તે પુરઅસર બયાનાત ફરમાવા હતા. યૌમુલ જોમોઅહના દિન આપે ઝેનિથ હોલ પર નમાઝની તવલ્લી ફરમાવી હતી. ફરઝંદો-દુખ્તરોના જદીદ મીસાક-અહદે ઈમામે ઝમાન (અ.સ.) લઈને ઈમાનના દાએરામાં દાખિલ કીધા હતા. ઈલ્મ પઢીને ખૈર આઅમાલ બજા લાવવાની નસીહત કીધી હતી. મુમેનાત બૈરોની ખુસૂસી મજલિસમાં આપ મૌલાએ ઊંચી દુનિયાવી તાઅલીમ લેનારા, ટયુશન કરાવનારા, જોબ પર જાનારા દુખ્તરોને અપનું દીન, અકીદો, પહેચાન કેમ સચવાય અને **જલ્દ-અઝ-જલ્દ અપની જમાઅતના કોઈ બહેતર દીનદાર દીકરા** સાથે નિસ્બત કેમ થાય તે વાસ્તે તમામને સબકઆમૌઝ કલેમાત ફરમાવા હતા.

હર નમાઝો મજલિસમાં મુમેનીનની ખૂબ હાઝિરી અને શિરકત રહી. આપ મૌલાએ ફજરની નમાઝની તવલ્લી બદરી મસ્જિદમાં કરાવી અને નમાઝ બાદ દીનની હકીકતોના બારીક નિકાત આપે ફરમાવા કે, જેથી મુમેનીનના કલ્બો ઝમીર મુનવ્વર થયા હતા. શબે મેઅરાજની બાઅઝમત નમાઝઙ આપે પૂરી તૈયેબી શાનાત સાથે ઝેનિથ હોલ પર અદા ફરમાવી હતી. આપે બયાનમાં કુરઆને કરીમની બે સૂરતો માંથી, બની ઈસ્રાઈલ અને નજમ, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની રૂહાની મેઅરાજ મસ્જિદે હરામથી મસ્જિદે અક્સા અને તે બાદ આસ્માનો પર કઈ તરહ થઈ તેની તફસીલ ફરમાવી હતી. ૧૩૯૯ હિ. માં આ જ મૌકા પર અને આ જ જગા પર આપે ૪૨ સાલ પહેલા કયા કાગઝ માંથી કઈ તરહ **મુંબઈમાં આપની ઝિંદગીનું પહેલું બયાન ૧૯ સાલની ઉંમરે ફરમાવું હતું, તે કાગઝ પણ મુમેનીનને ઈરશાદ કીધો.** જવાન દીકરાઓને નમાઝમાં લાવવાની તાકીદ કીધી. જમાઅતનો હર ફર્દ દાઅવતો જમાઅતના અખ્બારથી ખબરદાર અને આશ્ના રહે, તે વાસ્તે રગબત અપાવી અને રસ્તા બતાવા. પછી તે આ અખ્બાર મિશ્કાતુલ હાદી હોય, જમાઅતની વેબસાઈટ **www.alavibohra.org** હોય, મોબાઈલ એપ **Ahl uz Zikr** હોય, **YouTube** ની અપની ચેનલ **mumenoon** હોય, **Whatsapp** પર દાઅવત તરફથી શાયેઅ થાતા **Audio** યા **Video links** હોય, આ તમામ ચીઝ જમાઅતના જવાન તબકાને અપની અસલીયત અને હક્કનીયત જાણવામાં ઘણી જ ફાયદાકુન સાબિત થાય છે.

(બકીયાહ પેજ નં. ૧૧ પર)

**મુમિનની નિશાની એ છે કે, તે પોતાની ઝબાન અને શરમગાહને શયતાની મકરો ફરૈબથી બચાવે છે.**

(પેજ નં. ૧૦ નું બાકી)

યૌમે મબ્અસ, સવા લાખ મોતીના રૌઝાના દિન ઝેનિથ હોલ પર સાંજે ૩૫ રોઝદાર બચ્ચાઓને તોહફા અને હદીયા ઈનાયત કરીને તેમનો હોંસલો વધારી દીન તરફની રગબત પૈદા કરવામાં આવી હતી. **બચપણામાં રોઝું ધરવાની ખુશી, એક અજબ ખુશી હોય છે** અને જો આ વકતમાં સાંજે ભુખ-પ્યાસની શિદ્દતના આલમમાં બચ્ચાંને તોહફો આપવામાં આવે તો ખુશીનો કોઈ પાર રહેતો નથી અને રોઝા ખોલવા તકનો સબર આવી જાય છે. બચ્ચાં સાથે વાલેદૈન પણ હાઝિર હતા કે, જેઓની હિમ્મત અને મદદના સબબ કમસિનીમાં જ નૌનિહાલોને ભુખ-પ્યાસની સખ્તીનો અંદાઝો આવી જાય તે વાસ્તે આ રોઝું કારગર સાબિત થાય છે. ઈમામ હુસૈન (અ.સ.) ના ગમ અને મુસીબતને યાદ કરવા વાસ્તે આ રોઝું બચ્ચાંને તૈયાર કરે છે. મીયાંસાહેબ ઈલ્યાસભાઈ અજબશાહ અને એમના મુઆવેનીન તેમજ અંજુમને હિઝબે હાતિમી-મુંબઈના ટ્રસ્ટના અરાકીનની ઝાતી નિગરાની અને હર તરહના તઆવુનના સબબ હુઝૂરેઆલી આકા મૌલાનો શહેરે મુંબઈનો આ યાદગાર સફરે મયમૂન કામિયાબ થયો અને જમાઅતમાં નૂરાનીયત-રૂહાનીયતનો મન્ઝર એવો નમૂદાર થયો કે, મુમેનીનમાં ઈમાનનો એક નવો જોશ પૈદા થઈ ગયો. ✯

---

(પેજ નં. ૩ નું બાકી)

કરવાની ૧ શાઅબાનથી ઈબ્તેદા કરવામાં આવી છે. ૩૦ ફૂટ તકનો કચરો કાઢવામાં આવો, તાકે પાનીનું ઝરણ-ફૂટ દોબારહ ચાલું થાય. કૂવાની હિફાઝત વાસ્તે પૂરી તદબીર થઈ રહી છે. તેને ઝિંદા કરીને તેના પાનીથી મુમેનીન ફૈઝ ઉઠાવે એવી નૈક નિય્યત છે. આ તારીખી કૂવો, સૈ. શેહાબુદ્દીન સાહેબના મઝારે અકદસની મિસિલ ૩૦૦ સાલથી કબ્રસ્તાનની ઝમીનની એહમીયતની શાહિદી દઈ રહ્યો છે.

**કબ્રસ્તાનની ઝમીનની હાલત:**


૩૩ માં દાઈ સૈ. મોઅય્યદુદ્દીન સાહેબના ૧૧૫૧ હિ. માં ઈન્તેકાલ બાદ, ૩૪ માં દાઈ આપના કાકાજી સૈ. શેહાબુદ્દીન સાહેબ મસ્નદે તૈયેબી પર મુસ્તવી થયા. આપે ૧૧૫૮ હિ. તક દાઅવતે શરીફહ અને જમાઅતે અલવીયહની ખિદમત કીધી. દાઈએ મુત્લકના આઅલા દરજા પર આવતા પહેલા, માઝૂને મુત્લકના દરજા પર રહીને આપે જમાઅતની બેલૌસ ખિદમત કીધી છે. તેમાં કબ્રસ્તાનની ઝમીનની કાર્યવાહીનો પૂરો સહેરો આપના સર જાય છે. **આપ આપના ભત્રીજા સાહેબ સૈ. મોઅય્યદુદ્દીન સાહેબના યારીદૈન, મુઈન અને મદદગાર હતા.** આપે આપના આખિરી વકતમાં, સૈ. મોઅય્યદુદ્દીન સાહેબના દીકરા સૈ. હમીદુદ્દીન સાહેબ અને સુરતમાં સૈ. નુરૂદ્દીન સાહેબને વસીયત ફરમાવી કે, આપને કબ્રસ્તાનમાં એક છેડા પર દફન કરવામાં આવે કે, જેનાથી મુમેનીનને પૂરા કબ્રસ્તાનમાં અવર-જવર કરવાની અને મરહૂમોને દફન કરવાની આદત પડે.

સૈ. મોઅય્યદુદ્દીન સાહેબ અને સૈ. શેહાબુદ્દીન સાહેબના સબબ આ કબ્રસ્તાનની ઝમીન અપના વાસ્તે એક અઝીમ દૈન છે અને લાકીમત ખઝાનો છે. જો આ ઝમીન તેની અસલી હાલતમાં બાકી રહી હોત તો આજે પૂરી અલવી જમાઅત તેમાં સમાઈ જાત, વસી જાત. કોઈ બીજી જગાની હમને ઝરૂરત ના પડેત. **હાલમાં અપની નઝર સામે કબ્રસ્તાનની જેટલી ઝમીન છે, તે અસલી ઝમીનનો ૩૦% જ હિસ્સો છે.** સૈ. શેહાબુદ્દીન સાહેબના ઝમાનામાં, ના કોઈ રસ્તો હતો, ના સ્કૂલ હતી, ના રેલ્વે લાઈન હતી, ના કોઈ કારખાના હતા. એક મોટી કુશાદા ઝમીન હતી. મગર ઝમાનો ગુઝરતા, મુખ્તલિફ હાલાતમાં અને વકતમાં અપના હાથ માંથી આ અપની લાકીમત ઝમીનના ટુકડાઓ બીજાના હાથમાં જઈ ચઢા. નતીજતન આ અખ્ખી ઝમીનમાં આજે કારખાનાઓ, ડભોઈ રોડ, ઝેનિથ સ્કૂલ, પ્રતાપનગર રેલ્વે સ્ટેશન અને તેનો રસ્તો વગૈરહ મૌજૂદ છે. શાયદ કે, દોઆતે હક્કની દૈનને અપને સાચવી ના શકા. ✯

**મુમિનની નિશાની એ છે કે, તે તેની ઝબાનને શુક્રના કલેમાતથી સજાવે છે.**

## લફઝી કશ-મ-કશ

**✻ ઉભી તરકીબ :**




૧) સંડાસ, જાજરૂ યા વોશરૂમને અરબી ઝબાનમાં શું કહે છે, બૈતુલ ______. જે લફઝ અપના બુઝુર્ગો બોલતા હતા. (૨)

૨) ગરમી ઘણી શિદ્દતની પડે છે, લેહાઝા પાનીની ______ પણ ઝિયાદહ થાય છે. (૩)

૩) ભાઈ! ખુદાતઆલાએ તમને ઘણો જ ખુબસૂરત અને ______ દીકરો અતા કીધો છે. (૩)

૭) ______ આવવાના સબબ વુઝૂ તૂટી જાય છે, કેમકે બેહોશી આવી જાય છે. (૨)

**✻ આડી તરકીબ :**


૨) છાનબીન, જુસ્તજૂ, ખોજ. (૩)

૪) રસૂલુલ્લાહ બાવાજી આપના ઈન્તેકાલ બાદ, આ દુનિયામાં બે ભારી ચીઝોને મુકી ગયા છે. એક અલ્લાહના કિતાબ છે અને બીજી આપની ______ છે. (૨)

૫) ગુઝરી જાવા બાદ જે વક્ત હમેં કબરમાં જઈશું તો હમારૂં જિસ્મ ઝમીનમાં ______ નું જમન બનશે. (૨)

૬) સિન્ને બુલૂગ પર પહોંચા બાદ મેચ્યોરિટી પર, શરમગાહ અને ______ ના બાલ સાફ કરવા જોઈએ. (૩)

**ગયા શુમારાના લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**




**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર શવ્વાલુલ મુકર્રમ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે. ✩

## તસ્બીહે અલી

લી ખમ્સતુન ઉત્ફી બેહા હર્રુલ વબાઈ'લ હાતેમા,
અલ-મુસ્તફા વલ મુરતઝા વબનાહોમા વ ફાતેમા.
તસ્બીહ અલી કે નામ કી હે જા-બ-જા, હર સૂ-બ-સૂ,
ગુલશન-બ-ગુલશન, ગુલ-બ-ગુલ, રંગત-બ-રંગત, બૂ-બ-બૂ.
શેહ કી સખાવત કા બયાઁ જારી હે આલમ મેં તમામ,
બારિશ-બ-બારિશ, જલ-બ-જલ, દરિયા-બ-દરિયા. જૂ-બ-જૂ.
જો શાન હે અલ્લાહ કી હે બસ વહીં શાને અલી,
લહેજા-બ-લહેજા, દમ-બ-દમ, લમહા-બ-લમહા, હૂ-બ-હૂ.
કોઈ ક્યા આએ શુજાઅ શાહે મરદાઁ કે હુઝૂર,
મૈદાઁ-બ-મૈદાઁ, સફ-બ-સફ, હમલા-બ-હમલા, દૂ-બ-દૂ.
મુમિન ન કર કુછ ફિક્ર તું હાજિત તેરી દેંગે અલી,
દૌલત-બ-દૌલત, ઝર-બ-ઝર, શૌકત-બ-શૌકત, રૂ-બ-રૂ.
યા રબ મયસ્સર કર વો દિન જા કર મિલૂં કબ્રે અલી,
આઁખેં-બ-આઁખેં, લબ-બ-લબ, પલકેં-બ-પલકેં, મુઁહ-બ-મૂઁહ. ✩

**મુમિનની નિશાની એ છે કે, તે તેના દિલને સબરના ઝૈવરથી ઝીનતદાર કરે છે.**

(પેજ નં. ૮ નું બાકી)

ફરઝંદ સૈ. બદરૂદ્દીન સાહેબ અને બે મુલ્લાં સાહેબો મુલ્લા મોહંમદખાન અને મુલ્લા તાજખાનને લઈને કબ્રસ્તાન પધારા. એમ કહીને કે, **અપને હર જુમ્આએ કબ્રસ્તાન જઈશું અને ચંદ અમલ કરીને ઝબીહત કરીશું.** આ અમલ પાછલ માજરો શું છે, તે આપ અને સૈ. બદરૂદ્દીન સાહેબ સિવાય કોઈ જાણતું ન હતું. આ સાહેબો કબ્રસ્તાન ગયા અને ત્યાં કૂવા નઝદીક બેસા. કિશને કાલો બકરો લાવીને કૂવા નઝદીક ઝાડના થડ સાથે બાંધી દીધો. આપે ખૂબ દોઆઓ પઢી અને જે જે કબરોની નિશાની આપને ખબર હતી તેમાંથી એક કબર પર જઈને આપે ઝબીહત કીધી. કબરના માથા નઝદીક માટીનો એક મોટો પ્યાલો મુકો અને તેને આપે ઝબીહતના ખૂનથી ભરી દીધો. ઝબીહત બાદ આપે જમાઅતમાં ગોશતને તકસીમ કરાવો અને તે કબર પર બીજી જુમ્આ ન આવે વહાઁ તક મુલ્લાં સાહેબોને ફજરમાં આવી પાની છિડકવાનું કહ્યું.

આમ હર જુમ્આએ આપે અમલ જારી રાખો, યહાઁ તક કે ૬-છ મહીના ગુઝરી ગયા અને એક-એક કરીને તમામ કબરો પર આપ ઝબીહત કરી ચુકા.તે વક્તથી જમાઅતમાં આ રસમ જારી થઈ કે, મુમેનીન કબ્રસ્તાન જઈને ચાલીસમાના દિન કબરને નઝદીક ઝબીહત કરતા અને કબરના માથા પર માટીનો પ્યાલો મુકતા. **આપ મૌલાએ ઝબીહતનો આ અમલ પૂરો કીધો અને જે વક્ત આપ તે બિઅરે શિહાબીને કરીબ ગયા અને પાની પીધું તો આપને અજીબો ગરીબ સુકૂનો કરારીયતનો અહેસાસ થયો.**

પછી જુમ્આની રાતે તહજ્જુદની નમાઝ પઢીને અને કિતાબ ઈઝાહે વલ બયાનમાં ઈમામુઝ્ઝમાન (અ.સ.) નું બયાન પઢીને આપ આરામફરમાઁ થયા. આ બયાનની બરકતથી આપના ખ્વાબમાં ઈમામુઝ્ઝમાન (અ.સ.) પધારા. ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની હઝરતે ઈમામીયહમાં આપે હઝારો મુમેનીનને હાઝર જોયા કે, આપ ઈમામથી તમામ ફૈઝ ઉઠાવી રહ્યા છે. ઈમામે હક્કે બશારત આપતા કહ્યું કે, “અય મારા ફખરૂદ્દીન ! તમેં દીનને ઝિંદા કીધું છે અને મુમેનીનને મુસીબત માંથી છોડાવા છે. તમારા અમલના સબબ મુમેનીનની મગફેરત થઈ ચુકી છે અને હવે તે અમરે ઈલાહીથી મારી રહેમતના સાયામાં છે. **હમેં તમારાથી ખુશ છીએ અને તમેં મુમેનીનથી ખુશ છો.**” આ બશારત પછી જે વક્ત આપની આઁખ ખુલી તે વક્ત ફજરનો વક્ત થઈ ચુકો હતો. તે ફજેરે મસ્જિદમાં ખુદ આપે યાસીન પછીની દોઆ બલંદ આવાઝથી પઢી, જે મુમેનીન વાસ્તે આપે ઝબીહત કીધી હતી, તેના ફાતેહા પઢા અને ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની હઝરતમાં હમ્દો શુક્ર અદા કીધો.

તે બાદ ચંદ અરસા તક ફજરની નમાઝ બાદ ટાંગામાં આપે મુલ્લાં સાહેબો સાથે કબ્રસ્તાનમાં તે મરહૂમીનની ઝિયારત કરવાનું જારી રાખું. ફૂલ ચઢાવવાનું, ખુશ્બૂ લગાવવાનું અને પાની પિવરાવવાનું ચાલું રાખું. એક રાત જે વક્ત આપ દેવડી મુબારક પર દાઅવતની કિતાબ લિખી રહ્યા હતા, તે હંગામમાં આપ પર ઊંઘનો ગલબો થયો અને આપ આલમે ખ્વાબમાં ચાલા ગયા. સૈ. શેહાબુદ્દીન સાહેબ આપના ખ્વાબમાં પધારા અને તે કૂવા તેમજ ઝાડ પર રહેતી મુઅઝ્ઝબ સૂરતો વાસ્તે બશારત આપી. ફરમાવું કે, “અય મારા દાઈ ફખરૂદ્દીન સાહેબ! ખુદાતઆલાએ તમારા હાથ પર ખૂબ મોટી કામિયાબી અતા કીધી છે. આપના અમલના ઝરીએ તે સૂરતોની નજાત થઈ ચુકી છે. તે દરખ્ત પર હવે કોઈને અઝાબ પહોંચતો નથી. **તે મુમેનીનની સૂરતો ઈમામુઝ્ઝમાન (અ.સ.) ના ઝુમ્રામાં દાખિલ થઈ ચુકી છે.**”

સૈ. ફખરૂદ્દીન સાહેબે દરયાફ્ત કીધું કે, “અય મારા શેહાબુદ્દીન મૌલા! આપને હઝાર-હઝાર તસ્લીમ, આપ મને એ ખબર કરો કે, તે અઝાબવાલી સૂરતોની હાલત એમ કેમ હતી? કયા સબબથી તે લોગોને અઝાબ પહોંચતો હતો? જવાબ મિલો કે, જે વક્ત તેઓ ગુઝરી ગયા તો નાપાકીની હાલતમાં ગુઝરી ગયા. ગુસ્લો કફન દેવામાં આવો તેમાં પણ કુસૂર હતો. દફન કરવામાં પણ ભુલ-ખામી રહી ગઈ. આના સિવા તેઓના ઘરવાલા તેઓની મગફેરત વાસ્તે કારગર આઅમાલ બજા લાવા ન હતા. **લેહાઝા, આ તમામના સબબ તેઓ અઝાબમાં ગિરફતાર થયા.** તો અય મારા દાઈ! તમેં આના વાસ્તે મુમેનીનને બરાબર હિદાયત દો. જનાઝાના ઊમૂર વાસ્તે ચુનંદા મુમેનીનને સહી તાઅલીમ બખ્શો.”

(બકીયાહ પેજ નં. ૧૪ પર)

**મુમિનની નિશાની એ છે કે, જે ચીઝ જે જગા પર હોવી જોઈએ અને જે વકત પર થાવી જોઈએ, તે જ મુજબ તે ચીઝ વાસ્તે તે અમલ કરે છે.**

(પેજ નં. ૧૩ નું બાકી)

આપ મૌલા જે વક્ત બૈદાર થયા તો આપના દિલ પર ભારી સદમો હતો. સૈ. શેહાબુદ્દીન સાહેબના ઈરશાદ અને બાઈસે અઝાબ પર ગહેરો ગૌરો ખૌઝ કીધો, ખયાલો તફક્કુર કીધો. આપે મરદોની તજહીઝો તકફીન-ગુસ્લો કફન વાસ્તે ચંદ મુલ્લાં સાહેબોને તૈયાર કીધા અને બૈરોના મૈયેત વાસ્તે ચંદ પરહેઝગાર ઈબાદતગુઝાર બૈરોને મુન્તખબ કીધા અને તેઓને મૈયેત મુતઅલ્લિક પુખ્તા તાઅલીમ આપી. આ તરહ આપના ઝમાનથી બાકાયદા મૈયેત કમિટીની અને કારગુઝારોની એક મુકમ્મલ શિકલ આપવામાં આવી. આપે ફરમાન કીધું કે, "જવાન બૈરોના મૈયેતને હૈઝનો ગુસ્લ, જવાન મરદ-બૈરો ગુઝરી જાય તો તેને એહતેલામનો ગુસ્લ અને શાદી-શુદા મરદ-બૈરોનું મૈયેત હોય તો તેને જનાબતનો ગુસ્લ દેવામાં આવે. આ તરહ વાજિબ ગુસ્લો દઈને **મૈયેત પાકો સાફ થઈ જાય અને પાકીઝગીની હાલતમાં તેને દફનાવવામાં આવે.**"

બિઅરે શિહાબી મુમેનીન વાસ્તે ઈબરતો સબકની જગા છે. તેના સબબ અપને કબ્રસ્તાનની હકીકતથી આશનાઈ મિલે છે. બારગાહે હક્કમાં એ દોઆ છે કે, બિઅરે શિહાબીના મીઠા પાનીથી મુમેનીન ફૈઝ ઉઠાવે અને જે મુજબ અહલુલબૈત (અ.સ.) ના ઊલૂમથી દિલો ઝમીર ઝિંદા રહે છે, તેમ આ બિઅરના બરકતી પાનીથી મુમેનીનના દિલો દોઆતે હક્કની મોહબ્બત-ઉલ્ફતથી માઅમૂર રહે.

લહૂ દાઅવતુલ હક્ક. ☆

-----

**કબ્રસ્તાનની અને ઝિયારતની રૌનક વાસ્તેના એહતેમામઃ**

- હર જગા અને ગોશામાં **LED Light**
- ૨૪ કલાક **Watchman**
- રસ્તા પર અને અંદરૂની હિસ્સાઓમાં **Dustbin**
- નક્કી થયેલા માપ મુજબ કબરની તાઅમીર
- કબર પર અરબીમાં નામ
- ફલદાર સાયાદાર દરખ્તોની યાઅની કે જેથી હર વક્ત હરિયાલી અને સાયો રહે.
- ગૈર-ઝરૂરી, પાકી અને મોટી કબર બનાવવા તરફ બેરગબતી
- મરહૂમીનની પહેચાન વાસ્તે ઘરના હર ફર્દની હાઝિરી
- સગા-વ્હાલાની ઝિયારત સાથે દોઆતે હક્કની ઝિયારત
- ફાતેહા, શીરની, ખુશ્બૂ સાથે તિલાવતે કુરઆન ☆

## હિકમત

અઈમ્મતે હક્ક (અ.સ.) ફરમાવે છે કે, અય લોગો! તમેં ગફલતના ઘરમાં છો. આ દુનિયા ગફલતની જગા છે. પણ આ ગફલતના ઘરમાં તમેં અમલ પણ કરશો તે તમારા નિય્યત-ઈમાન મુજબ હશે. અમલ તો કરશો પણ તેની હકીકતથી તમેં ગાફિલ હશો. તમેં પૈસા તો કમાશો પણ તમેં સમઝી નહીં શકો કે, તેને કઈ તરહ ઈસ્તેમાલ કરવા. તમેં જે વક્ત આખેરતના ઘરમાં જાશો તો તમેં યકીનના ઘરમાં જાશો. બધી જ હકીકત તમારા સામે ખુલ્લી થઈ જાશે. તમને ઈલ્મ થાશે કે, તમેં કયા અમલ કરીને આવા, મગર તમેં આખેરતમાં અમલ નહીં કરી શકો. આ દુનિયામાં તમને અમલ વાસ્તે મોહલત છે, પણ આખેરતમાં તમને એવી કોઈ મોહલત મિલશે નહીં. ☆

**મુમિનની નિશાની એ છે કે, તે દાઈના ઝિમ્નમાં, સીરતો સૂરતમાં, ઈમામ, વસી અને નબીના જલ્વાને અને નૂરને જોઈ છે.**

## બંદગી હે

અજબ યે મોહબ્બત કી દીવાનગી હે,
તસવ્વુર ભી તેરા મેરી બંદગી હે.
ફના કરને આએ થે જો તેરી હસ્તી,
હસદ કી જો આગ ઉનકે દિલ મેં લગી હે.
હરએક બાત કરતેં હૈં વો ફીકી ફીકી,
સુના હે ઉનમેં નમક કી કમી હે.
સમઝદારોં કો એક ઈશારા હે કાફી,
ઉધર દુશ્મની હે ઈધર દોસ્તી હે.
લિયા હાથ મેં જબ સે દાઈ કા દામન,
દોઆઓં કે આગૌશ મેં ઝિંદગી હે. ✯

## રોઝું મુબારક



પ્યારા દીકરા **અબ્બાસઅલી,** તૌફીકઅલી અને નેઅમતબુ સોરંગવાલાના ફરઝંદ એ ૨ ૧/૨ સાલની કમસિનીમાં યૌમે મબ્અસ-સવા લાખ મોતીનું રોઝું રાખેલું છે. ઈદારા તરફથી હમેં આ દીકરાને તહેદિલથી મુબારકબાદી આપીએ છીએ કે, માઁ-બાપની પરહેઝગારીનો આ જઝબો ઔલાદમાં પણ બાકી રાખે. ✯

## દાઈ અને દાઅવત

*ખુદાને કહા જીનકો હરદમ સલામ,*
*કલામ ઉનકા હૈ ગોયા હક્ક કો કલામ,*
*ખુદાને કહા જીનકો હરદમ સલામ.....(૨)*
*હૈ આલે પયંબર સે રોશન જહાન,*
*ઇન્હી સે હૈ ઈજાદ કૌનો મકાન,*
*ન હોતા જહાઁ ગર ન હોતે ઇમામ,*
*ખુદાને કહા જીનકો હરદમ સલામ.....(૨)*
*અલી કી હૈ દાઅવત કા હાફિઝ ખુદા,*
*મદદગાર હૈ ઉસકા મુશ્કિલ કુશા,*
*યે દાઅવત કા દુશ્મન હૈ નસલે હરામ,*
*ખુદાને કહા જીનકો હરદમ સલામ.....(૨) ✯*

## તિજારત


**Classic Photo Studio**

Digital Passport Photo, Lamination, Visitor Visa Photo, Wedding, Family & Group Photography, Photos from Mobile, CD's, Pendrive & Other Media.
**ZEROX & LAMINATION AVAILABLE**
*NEWLY STARTED*

**Classic Arts**

Printing on Caps, T-Shirts, Mugs, Pillow Covers, Plates, Key Chains, Other Gift Articles & ID Cards.
***WHOLESALE & RETAIL***
**Shop No.3, Uvez Chamber, Nr. Sulemani Bank, Gendigate Road, Vadodara - 390017.**
**M.: 9904470498 / 9558649972** ✯

**યા અલી મદદ**
" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "
**ભાઈસાહેબ ઈબ્રાહીમ**
**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.
**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**
**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩** ✯

**ફેન્સી અને મેચીંગ દુપટ્ટા સેન્ટર**
**" ઝૈબાઈશ "**
બી-૧૨, ગાયકવાડ પ્લાઝા, અલ્માસ માર્કેટ સામે, પાણીગેટ, વડોદરા.
**નઝીરઅલી ભાઇસાહેબ - મો.: ૯૯૭૪૧૫૭૫૬૬** ✯

**મકાન**
**બદરી મોહલ્લામાં બીજા માળે, ફ્રન્ટ સાઇડનું મકાન ભાડે અથવા વેચાણ થી આપવાનું છે.**
**ફોન : ૯૯૨૫૭૬૭૮૬૯** ✯


### ચિરાગ બગૈર

તલાશ કરતે હૈં ખુશ્બૂ ગુલોં કી બાગ બગૈર,
સમઝને બૈઠે હૈં કુરઆન કો દિમાગ બગૈર,
બગૈર ઈશ્કે અલી ઔર તિલાવતે કુરઆઁ,
કિતાબ કૈસે પઢી જાએગી ચિરાગ બગૈર. ✯

**મુમિનની નિશાની એ છે કે, કોઈની જગા યા માલો અસ્બાબને પચાવી ના પાડતો નથી.**

(પેજ નં. ૭ નું બાકી)

ચોથા ઈમામે ફાતેમી મૌ. મોહંમદ અલ-બાકિર (અ.સ.) આપના એક બયાનમાં ફરમાવે છે કે, અલ્લાહતઆલાએ મુમિને મુખ્લિસને ચાર આઁખો આપી છે. આ ચાર માંથી બે આઁખો એવી છે કે, મુમિન તેની દીનો દુનિયાના આસપાસના ઊમૂરને જોઈ છે. તેનો અહેસાસ કરે છે અને ખુદને તેના તકાઝા પૂરા કરવામાં મશ્ગૂલ કરે છે. પણ તેની બીજી બે આઁખો એવી છે કે, તે તેનાથી ઉકબા અને આખેરતમાં નઝર કરે છે. આ નઝર તેના યકીનની નઝર હોય છે. તેને દુનિયાના અહેસાસાતથી કોઈ તઅલ્લુક હોતો નથી.

અલ્લાહતઆલા કોઈ બંદાનું ભલું ચાહે તો તેની બાતિની આઁખોને ખોલી દે છે. આ આઁખોની બુનિયાદ દિલ છે. દિલ જે મુજબ પોશીદા છે, તે મુજબ આઁખો પોશીદા છે. ગૈબી ઊમૂર અને મખ્ફી ચીઝોને જોવા વાસ્તે આ આઁખોની ઝરૂરત પડે છે. અય હમારા શીઆ! તમેં અલ્લાહનો શુક્ર કરો કે, તેએ તમારા દિલોંની આઁખોને ખોલી દીધી છે. સાંભલો! સાચો અંધાપો તે દિલનો અંધાપો છે. જે વક્ત કે તેની આઁખો અલ્લાહની આયતોને ના જોઈ શકતી હોય. જેમ સૂરજ, ચાંદ, શમ્અ યા દીવાની રૌશની બગૈર ઝાહિરી આઁખ જોઈ શકતી નથી, તેમ દિલની આઁખો નબી, વસી અને ઈમામની માઅરેફત બગૈર આખેરતની નિશાનીઓને જોઈ શકતી નથી. નબી તે સૂરજ છે, વસી તે ચાંદ છે અને ઈમામ તે શમ્અ-તારા છે. તે જ શખ્સની અકલ તેઝ અને પુખ્તા હોય છે કે, જેના દિલની આઁખો સહી, સલામત અને બારૌશન હોય. ✫

**જમાઅતના મુમેનીન મુખ્લેસીનને ઈદુલ ફિતર યાઅની ઈદુન્નેઅમત મુબારક થાય. આ તહેનીયત તે બેશુમાર નેઅમતોં જે અલ્લાહતઆલાએ ઈમાનો ઈસ્લામના સાયામાં મુમેનીનને આપેલી છે, તેની શુક્રગુઝારી વાસ્તે છે. અલ્લાહતઆલા સબર, શુક્ર અને યકીનની નેઅમતને હમેશા અહલે ઈમાનમાં બાકી રાખે, આમીન.** ✫

## નાઅતે રસૂલ (સ.અ.વ.વ.)

ઈશ્કે નબીમેં ક્યા મુઝે નિસ્બત ફના કે સાથ,
વાબિસ્તા મેરી ઝીસ્તા હૈ જબ નક્શે પા કે સાથ.
પૈશે ખુદા ચલે હૈ ગુનેહગાર હશ્ર મેં,
આ જાઈએ હિજાબે તઅય્યુન ઉઠા કે સાથ.
બરહક્ક ખુદાભી ઉસકી ખુદાઈ ભી હૈ મગર,
મેરા મુઆમલા હૈ રસૂલે ખુદા કે સાથ.
મેહબુબે કિબ્રીયા કી ફસાહત કો દેખકર,
લો હો ગયે કલીમ ભી બાતેં બના કે સાથ.
ઈશ્કે રસૂલ મુઝકો હૈ ઝાહિદ કો ફીક્રે ખુલ્દ,
મૈં દર્દ કી પનાહ મેં હું વો દવા કે સાથ.
મેહશરમેં અંબિયા કે મકામાત હૈ મગર,
ઉમ્મત કી તરહ સબ હૈ હબીબે ખુદા કે સાથ.
ખાવર હુઝૂર કાબિલે ખિદમત નહીં મગર,
લે લીજીયે શુઉરે અકીદત બડહા કે સાથ. ✫

**નોંધ : મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ✫

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.